**ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ (ધો. ૬ થી ૮)માં**
**વિદ્યાસહાયકની ભરતી બાબત.**

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૨૦૧૪/૨૯૦૬/ક,
સચિવાલય, ગાંધીનગર
તા.૧૩ /૧૧/૨૦૧૪

**વંચાણે લીધોઃ-**

(૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક તા.૨૭/૪/૨૦૧૧

(૨) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃઆરએસકે/૧૦૨૦૧૪/૨૩૦૦(૩) આર તા.૩/૨/૨૦૧૪

(૩) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરની તા.૭/૧૧/૨૦૧૪ ની સિંગલ ફાઇલ નં.૨૧/૨૦૧૪ પરની દરખાસ્ત.

**આમુખઃ-**

ભારત સરકારના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર અધિનિયમ-૨૦૦૯ નો અમલ રાજય સરકારે તા.૧/૪/૨૦૧૦ થી કરેલ છે. રાજયમાં પ્રાથમિક શિક્ષણમાં ધોરણ-૧ થી ૫ ને પ્રાથમિક શિક્ષણ અને ધોરણ-૬ થી ૮ ને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ એમ બે વિભાગમાં વહેંચવામાં આવેલ છે. આ પ્રમાણેના ફેરફારના કારણે ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ ધોરણ-૬ થી ૮ માટે તાલીમી સ્નાતક શિક્ષકોની ભરતી કરવામાં આવે છે. આર.ટી.ઇ. એક્ટ મુજબ ધો.૬ થી ૮ માં ગણિત-વિજ્ઞાન, ભાષાઓ અને સામાજિક વિજ્ઞાનના એક-એક શિક્ષકની નિમણૂંક કરવાની થાય છે. ૩૦૦૩ પ્રાથમિક શાળાઓમાં ધો.૬ થી ૮ ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં એકપણ ગણિત-વિજ્ઞાન વિષયના વિદ્યાસહાયકની નિમણૂંક થયેલ નથી. મંજુર થયેલ મહેકમના આધારે ધોરણ-૬ થી ૮ ની ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ગણિત-વિજ્ઞાન, ભાષાઓ અને સામાજિક વિજ્ઞાનના શિક્ષકોની ભરતી કરવા બાબતે નિયામકશ્રીના વંચાણે લીધેલ ક્રમઃ(૩)અન્વયે મળેલ દરખાસ્ત અનુસંધાને કાળજીપૂર્વકની વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવઃ-**

ગણિત-વિજ્ઞાન વિષયની વર્ષઃ૨૦૧૩-૧૪ માં ખાલી રહેલ ૧૩૫૧ જગ્યાઓ અને વર્ષઃ૨૦૧૪-૧૫ ના ભરતી કેલેન્ડરમાં દર્શાવેલ ૩૦૦૦ પૈકીની ૧૬૫૨ જગ્યાઓ મળી કુલ ૩૦૦૩ જગ્યાઓ ગણિત-વિજ્ઞાન વિષયની અને ૫૪૮ જગ્યાઓ ભાષાના વિષયની અને ૮૦૦ જગ્યાઓ સામાજિક વિજ્ઞાનની આમ કુલ ૪૩૫૧ જગ્યાઓ

ભરવાની ક્રમ (૨) પરના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવથી મળેલ મંજુરી અન્વયે શિક્ષણ વિભાગના તા.૨૭/૪/૨૦૧૧ ના સંદર્ભ (૧) માં દર્શાવેલા ઠરાવથી તેમજ તે અંગેના વખતોવખતના સુધારાઓની જોગવાઇઓ મુજબ જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવાની આથી સરકારીશ્રીની મંજુરી આપવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.એમ.મીસ્ત્રી)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(ઉચ્ચ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- તમામ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રી.
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા/નગરપાલિકા.
- કોમ્પ્યૂટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(ઓન લાઇન મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેકશન અધિકારી/સિલેક્ટ ફાઇલ

ન્યુ 002